

# શું સ્ત્રી આજે ખરેખર સશક્ત કહેવાય...?

આવતીકાલે આપણે 'વિશ્વ મહિલા દિવસ' ઉજવીશું. વિવિધ ક્ષેત્રોમાં આગળ વધેલી સ્ત્રીઓના સન્માનના કાર્યક્રમ આયોજિત થશે. તેનું શાલ ઓઢાડીને સન્માન કરાશે પણ શું આવું સન્માન દરેકે સ્ત્રીને મળે છે? 'ના' આવું સન્માન ગણીગાંઠી મહિલાઓને જ મળે છે. આવી સ્થિતિમાં શું આપણે કહી શકીએ કે સ્ત્રી સશક્ત બની છે? હા, સમાજનું આ ચિત્ર ચોક્કસ બદલાયું છે કે હવે સ્ત્રી ઘરનો ઉંબરો ઓળંગીને નોકરી કરવા લાગી છે એટલે તે આર્થિક રીતે સબળ બની છે છતાં શું એ એકમાત્ર પરિબળને આધારે સ્ત્રીનું સશક્તિકરણ થયું છે એવું કહી શકાશે? એક જમાનો એવો હતો જ્યારે સ્ત્રી ઘૂંઘટમાં હતી. પહેલાં તેની જિંદગીના નિર્ણય માતા-પિતા લેતા, લગ્ન બાદ આ નિર્ણય એનો પતિ લેતો અને સ્ત્રી વિધવા હોય તો તેને દીકરાના નિર્ણયને આધીન રહેવું પડતું. હવે એજ્યુકેશન, સામાજિક વિચારસરણીમાં બદલાવને કારણે સ્ત્રીની સ્થિતિ ઘણી બદલાઈ છે. સરકારે સ્ત્રીને આર્થિક રીતે સબળ બનાવવા ઘણી યોજનાઓ ઇન્ટ્રોડ્યુસ કરી છતાં શું તેને પોતાની જિંદગીના નિર્ણય લેવાની સ્વતંત્રતા મળી છે ખરી, સ્ત્રી સશક્ત બની છે તેવું ખરા અર્થમાં ક્યારે કહી શકાશે, મહિલા દિવસની ઉજવણી કઈ સ્થિતિમાં સાર્થક કહેવાશે? ચાલો આપણે સુરતની અગ્રણી વ્યક્તિઓને મળીને સ્ત્રી કઈ સ્થિતિમાં સશક્ત બની છે કહી શકાશે તે વિષય પર તેમના ઓપિનિયન જાણીએ...



## સ્ત્રી જ્યારે પોતાની મરજી પ્રમાણે પોતાની જિંદગીને ઘાટ આપી શકે ત્યારે તે સશક્ત બની કહેવાશે: ડૉ. અમી યાજ્ઞિક



ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતાં 63 વર્ષીય ડૉ. અમી યાજ્ઞિક વ્યવસાયે જનરલ સર્જન છે અને સોશ્યલ વર્કર પણ છે. ડૉ. અમી યાજ્ઞિક હેલ્થ એજ્યુકેશન, વુમન હેલ્થ અવેરનેસનાં કાર્યો કરે છે. તેમણે જણાવ્યું કે, ''સ્ત્રી જ્યારે પોતાની મરજી પ્રમાણે પોતાની જિંદગીને ઘાટ આપી શકે ત્યારે તે ખરા અર્થમાં સશક્ત બની હોવાનું કહી શકાય. તે પોતાની જિંદગીના નિર્ણય પોતાની જાતે લઈ શકે, કોઈ પણ પ્રકારના ડર વગર જીવી શકે, પોતાનાં સપનાં પૂરાં કરવાની તાકાત મેળવી શકે ત્યારે તે સશક્ત બની હોવાનું કહી શકાય. મને એવું લાગે છે કે સશક્તિકરણ સેલ્ફ ઇમ્પ્રુવાઇઝેશન કે સેલ્ફ ઇવોલ્વમેન્ટની પ્રક્રિયા છે. સોસાયટી એવું વાતાવરણ ઊભું કરી શકે જેમાં તેને ઇક્વલ અપોર્ચ્યુનિટી મળતી હોય વિકાસ માટેની કે આગળ વધવા માટેની એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. બાકી એમ્પાવરમેન્ટની પ્રોસેસ તો સેલ્ફ ડ્રિવન છે. પોતાની જાતે જ કરવું પડે. તે અટકી જતી હોય, તે પાછળ પડતી હોય તેવું ક્યાંક ને ક્યાંક જોવા મળતું હોય. તેણે બીજાને પૂછીને પોતાના ડીસીઝન લેવા પડતા હોય. તે ઇકવલી કમાતી હોય કે વધારે ઇન્કમ મેળવતી હોય છતાં તેના પૈસાનો વહીવટ બીજા કરતા હોય, જિંદગી કે ઘર સંબંધિત ચાવીરૂપ નિર્ણય હજી પણ મોટાભાગે હસબન્ડ કરતા હોય છે. તેણે હસબન્ડની ઇચ્છા પ્રમાણે રહેવું પડે, હસબન્ડને પૂછી પૂછીને કરવું પડે તેવું હજી જોવા મળે છે. જ્યારે સ્ત્રીને પોતાને લાગે કે તે સશક્ત છે ત્યારે તે સશક્ત છે. અત્યારના સમયમાં તેને એજ્યુકેશનની તક વધારે મળે છે, મોબિલિટી પહેલાં કરતાં સુધરી છે, સોશ્યલ મીડિયા કે બીજાં માધ્યમોનો ઇન્ડિપેન્ડટલી ઉપયોગ કરે છે, વાહનોમાં ફરે છે. એ બધી રીતે ફર્ક લાગે છે પણ એ બધાં પર પણ તેની ડીપેન્ડન્સી બીજા પર છે કે નહીં તે તો કઈ રીતે ખબર પડે? હજી પણ સ્ત્રીને નેચરલી નહીં પણ લડીને લેવું પડે તેવું પણ જોવા મળે છે. હજી પણ પોતાની જાતને કાબેલ પુરવાર કરવા પણ એક્સ્ટ્રા પ્રયત્ન કરવા પડે કારણ કે નેચરલી ખીલવા માટે વિકાસ માટે જે વાતાવરણ જોઈએ તે ના પણ મળતું હોય. તે પોતાની જિંદગીને પોતાની રીતે ઘડી શકે ત્યારે મહિલા દિવસ ઉજવવો પણ સાર્થક કહી શકાય.''

## સ્ત્રીને સ્પેશ્યલ ટ્રીટમેન્ટ આપવાની જરૂર નથી પણ તેને સુરક્ષિત, સન્માનીય અને સમાન તક મળવી જોઈએ: રવિ છાવછરીયા



વેસુ વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય રવિ છાવછરીયા વ્યવસાયે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ અને શિક્ષક છે. તેમણે જણાવ્યું કે, ''મહિલાઓ સશક્તિકરણ તરફ આગળ વધી રહી છે પણ પૂર્ણ રીતે સશક્તિકરણ ના કહી શકાય. સશક્તિકરણ કોને કહેવું તે સમજવું જરૂરી છે. તેમાં પાંચ પરિબળો કામ કરી જાય છે. એક મહિલાનું શિક્ષિત હોવું અને કૌશલ્ય હોવું. તેમાં તેની સ્કિલ હોય જેનાથી તે આત્મનિર્ભર બની શકે પછી તે કલાનું કે એજ્યુકેશનનું ક્ષેત્ર હોય. બીજું સ્ત્રીને શારીરિક રીતે મજબૂત કરીએ. ત્રીજું મહિલાઓને કાર્યક્ષેત્રમાં સુરક્ષિત, સન્માનીય અને સમાન તક હોવી જોઈએ. આજે મારી ટીમમાં જે મહિલા શિક્ષક છે તેમનું પેમેન્ટ પુરુષ શિક્ષક જેટલું કે તેના કરતાં વધુ છે. કાર્યક્ષેત્રમાં લિંગ આધારિત ભેદભાવ નહીં થવો જોઈએ. સ્ત્રીઓને સ્પેશ્યલ ટ્રીટમેન્ટ આપવાની જરૂર નથી પણ તેમને સુરક્ષિત, સન્માનીય અને સમાન તક મળવી જોઈએ. આપણા જે પારિવારિક વેલ્યુઝ છે કે આપણા જે સંસ્કાર છે તેને જાળવી રાખવામાં સ્ત્રીઓનો બહુ મોટો ફાળો છે, બહુ મોટો રોલ છે. પાંચમું આપણે જેમ બે પુરુષમાં ભેદભાવ નથી કરતા તેમ એક પુરુષ અને એક સ્ત્રીમાં ભેદભાવ નહીં થવો જોઈએ. મુઘલો અને અંગ્રેજોના સમયમાં સ્ત્રીને દબાવીને, છુપાવીને રાખવામાં આવતી હતી. આઝાદી પછી પણ આવી સ્થિતિ ઘણાં વર્ષો રહી પણ હવે આપણી 500 કે હજાર વર્ષ જૂની સંસ્કૃતિ કે જેમાં સ્ત્રી રાજ્ય કરતી, દેશને લીડ કરતી તે સુવર્ણકાળ હવે ધીરે ધીરે પાછો આવી રહ્યો છે. સ્ત્રીએ પોતાને મજબૂત કરવી પડશે. કેટલીક જગ્યાઓ પર એક સ્ત્રી જ બીજી સ્ત્રીને અટકાવે છે, કેટલીક વાર સ્ત્રી પોતે જ પોતાને કમજોર સમજે છે, તેમાં મહિલાઓએ જ આગળ આવવું જોઈએ. સ્ત્રી સશક્ત થશે ત્યારે મહિલા દિવસની ઉજવણી સાર્થક થશે.''

## અત્યારે સ્ત્રી સશક્તિકરણમાં સોશ્યલ મીડિયા, ટીવી સીરિયલ્સ, સમાચારપત્રો પ્રેરણાદાયી બન્યાં: કમલ અગ્રવાલ



વેસુ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય કમલબેન અગ્રવાલ સોશ્યલ વર્ક કરે છે. તેઓ એક સંસ્થાના માધ્યમથી સાધારણ ઘરની છોકરીઓને લગ્નનો સામાન આપે છે. દર બુધવારે 250 લોકોને પૂરી, શાક, મિષ્ટાન્નનું જમણ આપે છે. કમલબેને જણાવ્યું કે, ''આપણી પુરાણી સંસ્કૃતિ, હિસ્ટ્રી તરફ નજર કરીશું તો ખબર પડશે જ કે સ્ત્રી પહેલાંથી જ સશક્ત છે. આપણા ભગવાનમાં જોઈએ તો રાધા-કૃષ્ણ, સીતા-રામ આમાં સ્ત્રીનું નામ જ આગળ આવે છે ને! સ્ત્રી બધાં જ ફિલ્ડમાં છે. તે પહેલાંથી જ સશક્ત છે. પહેલાં ખબર નહોતી પડતી પણ હવે ધીરે ધીરે ખબર પડે છે. એજ્યુકેશન લેવલ હાઈ હોય તો વિચારોમાં પરિવર્તન આવે છે. ઘરની સ્ત્રી શિક્ષિત હશે તો ઘરના બધા જ સભ્યોની વિચારસરણી ઉચ્ચ હશે. ઉચ્ચ વર્ગમાં ઘણું પરિવર્તન આવ્યું છે પણ કેટલાક પરિવારોમાં સ્ત્રી શિક્ષણને મહત્ત્વ નથી અપાતું. મેં જોયું છે કે ક્યાંક છોકરીના પિતા છોકરી આગળ વધે તે માટે પ્રયત્ન નહીં કરતા હોય પણ દીકરીને મધર સપોર્ટ કરે છે તો તે દીકરી સશક્ત બને છે. અત્યારે સ્ત્રી સશક્તિકરણમાં સોશ્યલ મીડિયા, આપણી ટીવી સીરિયલ્સ, સમાચારપત્રો પ્રેરણાદાયી બન્યાં છે. મેં એક કિસ્સો એવો જોયો હતો કે એક દીકરીને તેની મધર ઇન લો ઘણી તકલીફ આપતી હતી. તે દીકરીના પછી ડિવોર્સ થયા આજે તે દીકરી મુંબઈમાં સારો બિઝનેસ કરી રહી છે. તેના હાથ નીચે ઘણો સ્ટાફ છે.''

## વર્ક ફિલ્ડમાં સ્ત્રી-પુરુષ ઇક્વલ હોય પણ ઘરમાં નથી હોતાં: મિતા શાહ



અઠવાલાઇન્સ વિસ્તારમાં રહેતાં 73 વર્ષીય મિતાબેન શાહ મહાવીર હોસ્પિટલમાં ડેપ્યુટી ચેર પર્સન છે. તેમણે જણાવ્યું કે, ''પહેલાંના સમયમાં સ્ત્રીઓનું જે સ્વતંત્રતા, એજ્યુકેશન અને કોન્ફિડન્સ લેવલ હતું તેના કરતાં આજની સ્ત્રીઓનું પોટેન્શિયલ, એજ્યુકેશન, સ્વતંત્રતા અને કામ કરવાની ધગશ ઘણી વધી છે. ગવર્મેન્ટના કાયદાઓને લીધે સમાનતા, સિક્યુરિટી( સુરક્ષા), ઓપર્ચ્યુનીટી, એજ્યુકેશન વધ્યું છે. પહેલાં કરતાં 46% એજ્યુકેશન વધ્યું છે. એવા પણ પરિવારો હોય છે જેમા એક વ્યક્તિની સેલેરી પૂરતી નથી એટલે જીવનસ્તર સારું બને એ માટે સ્ત્રીને બહાર જઈને કમાવાની સ્વતંત્રતા આપવા લાગ્યાં છે. સ્ત્રી બહાર જઈને કમાય છતાં તેને ઘરે આવીને ઘરનાં કામો કરવા, બાળકો અને ઓલ્ડ પેરેન્ટ્સને જોવાનાં. આ બધાં સામાજિક દાયીત્વ સ્ત્રી નિભાવે છતાં તેને જોઈએ તે રિસ્પેક્ટ નથી મળતું, મોરલ બુસ્ટપ નથી અપાતું. ગવર્મેન્ટે વુમન ઇકવાલીટી માટે કાયદા કર્યા છે પણ તેનું ઇમ્પ્લિમેન્ટેશન ફક્ત 53% છે અને બીજું 81% વુમન ઈંફોર્મલ સેક્ટરમાં જોબ કરે છે જેમ કે બીજાનાં ઘરોમાં જઈને કામ કરવાં, નાની દુકાનોમાં કામ કરવું એ જગ્યાઓ પર ગવર્મેન્ટના આ કાયદાઓ લાગુ નથી પડતા. વર્ક ફિલ્ડમાં સ્ત્રી-પુરુષ ઇક્વલ હોય પણ ઘરમાં નહીં. ઘણા ઘરમાં દીકરાને કહેવામાં આવતું હોય કે તારે ઘરનાં કામ નથી કરવાનાં એ રીતે તેઓ દીકરાને બગાડે છે. એ એક રીતે ડિસક્રીમિનેશન છે. સોસાયટીમાં હજી માઇન્ડ સેટની ઇક્વાલીટી નથી. સ્ત્રીએ ઘરની જવાબદારી તે નોકરી કરતી હોવા છતાં ઉઠાવવી પડે. સ્ત્રીઓના વિકાસ માટેના ગવર્મેન્ટે જે કાયદા બનાવ્યા છે તેનું બરાબર ઇમ્પ્લિમેન્ટેશન થાય, ઇક્વલ ઓપર્ચ્યુનીટી હોય એ સ્ત્રીના સશક્તિકરણ માટે જરૂરી છે.''

## જ્યારે સ્ત્રીને આર્થિક અને પોતાની જિંદગીના નિર્ણય લેવાનો પાવર મળશે ત્યારે તે સશક્ત થઈ કહેવાશે: શ્રૃંગી દેસાઈ



અડાજણ વિસ્તારમાં રહેતાં 60 વર્ષીય શ્રૃંગી દેસાઈ વ્યવસાયે એડવોકેટ છે. તેઓ 30 વર્ષથી વકીલાતની પ્રેક્ટિસ કરી રહ્યાં છે. તેમને જ્યારે સવાલ કરાયો કે ખરા અર્થમાં સ્ત્રી ક્યારે સશક્ત બની તેવું કહી શકાશે? ત્યારે તેમણે જણાવ્યું કે, ''30 વર્ષ પહેલાં મહિલાઓની જે સ્થિતિ હતી અને અત્યારે જે સ્થિતિ છે તેમાં ઘણો ફર્ક છે. મેં જ્યારે 30 વર્ષ પહેલાં વકીલાતની પ્રેક્ટિસ શરૂ કરી હતી ત્યારે જેટલી મહિલા વકીલો હતી તેમાં અત્યારે ચારથી પાંચ ગણો વધારો થયો છે. કદાચ સ્ત્રી આર્થિક રીતે વધારે સ્વતંત્ર થઈ છે. વધારે ને વધારે સ્ત્રીઓ ઘરની બહાર નીકળીને કમાવા જવા લાગી છે. કમાતી સ્ત્રીઓની સંખ્યા વધી છે પણ તે શું ખરેખર આર્થિક બાબતોના નિર્ણયો લઈ શકે છે? ઘર લેવા માટે ઇન્વેસ્ટમેન્ટના મોટાભાગના નિર્ણયો પુરુષો લે છે. ઘર ક્યારે લેવું, ક્યાં લેવું, કેવી રીતે લેવું તે નિર્ણય પુરુષ લે છે. મોટાભાગની સ્ત્રીને નિર્ણય લેવાનો પાવર હજી નથી મળ્યો. સ્ત્રીના નામે ઘર લેવાય છે, તે એટલા માટે કેમ કે સરકારી સ્કીમમાં સ્ત્રીઓને ફાયદો અપાયો છે. સ્ત્રી કમાતી હોવા છતાં સામાજિક દ્રષ્ટિકોણથી સ્ત્રીને જે સમ્માન, જે રિસ્પેક્ટ મળવું જોઈએ તે નથી મળતું. સ્ત્રી કમાવા જાય છે પણ સાથે તેને પારિવારિક ત્રણ પ્રકારની જવાબદારી ઉઠાવવી પડે છે. ઘરની, બાળકોની, વડીલોની જવાબદારી સ્ત્રીની જ હોય છે. આ જવાબદારી વહેંચણીમાં તેનો કોઈ સહભાગીદાર નથી. ગણીગાંઠી સ્ત્રીઓને આ જવાબદારીઓ ઉઠાવવા સહભાગીદાર મળે છે પણ મોટાભાગની સ્ત્રીઓએ આ જવાબદારી ઉઠાવવી જ પડે છે. સ્ત્રીની સુરક્ષા માટે ઘણા કાયદા છે છતાં તેના જાતીય શોષણના કેસ વધે છે. આવા કેસોમાં મોટી સજાની જોગવાઈ છે છતાં ઘટાડો નથી થતો. સ્ત્રી ઉપભોક્તાનું સાધન છે તેવું જોવાય છે. તમે વિજ્ઞાપનો જોતાં જ હશો તેમાં પણ સ્ત્રીને સેક્સ્યુઅલી એક્સપ્લોઇટ કરવામાં આવે છે. લગ્ન બાદ તે નોકરીએ જાય તો સાસરિયાંએ તેને નોકરી માટે છૂટ આપી છે એવું કહેવાય છે. આમાં તેનું નોકરી કરવા બાબતનું ડીસીઝન ક્યાં છે? સ્ત્રીનું પુરુષસમોવડી થવું તેવું નહીં પણ સ્ત્રીને પોતાની જિંદગીના મહત્ત્વના ડીસીઝન લેવાનો પાવર મળશે, તેને આર્થિક નિર્ણયો લેવા માટેનો પાવર મળશે, તેને સામાજિક સ્તર પર જોઈતું સમ્માન મળશે ત્યારે ખરા અર્થમાં સ્ત્રી સશક્ત બની હોવાનું કહી શકાશે અને ત્યારે જ મહિલા દિવસની ઉજવણી સાર્થક ગણાશે.''

## સ્ત્રીને ફ્રીડમ ટુ ચોઇસ આપો, તેને આગળ વધવા સાથ આપો: યુવરાજ પોખરના



વેસુ વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય યુવરાજ પોખરના સોશ્યલ વર્કર છે. તેમણે સ્ત્રી ખરા અર્થમાં સશક્ત થઈ છે તેવું ક્યારે કહી શકાશે તેના પર પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે, ''દાદી, નાની, મધરના જમાનાની વાત કરીએ તો ત્યારે એ લોકો છોકરા-છોકરી, ઘર, કિચનમાં ફિક્સ્ડ હતાં. એક દાયરામાં એક લિમિટેશનમાં હતાં. હવે સમાજની ઓપનનેસ વધી છે. તેમને હવે તક મળે છે આગળ વધવાની. અત્યારે આપણે જોઈએ છીએ કે સ્ત્રી IPS છે, આર્મીમાં છે. આપણી સંસ્કૃતિમાં જ છે ને કે, જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ છે. એક સમય એવો પણ આવ્યો હતો કે આપણે ગુલામીની માનસિકતામાં હતાં. સ્ત્રીને ઘૂંઘટમાં રહેવું પડતું તેવી ગુલામીની માનસિકતામાંથી નીકળીને આપણે આગળ વધી રહ્યા છીએ. સ્ત્રીને સશક્ત કરવાની જરૂર નથી. તેમને ફ્રીડમ ટુ ચોઇસ આપો. તેને આગળ વધવા માટે આપણા સામાજિક સાંસ્કૃતિક વેલ્યુઝને ધ્યાનમાં રાખીને જે કરવું હોય તે કરવા દો. લોકો કહેતા હોય છે કે, પોલીસનું કામ સ્ત્રીનું નથી પણ અત્યારે સુરતમાં જ જોઈએ તો અત્યાર પોલીસ વિભાગમાં મહિલાઓ ઉચ્ચ પોસ્ટ પર છે. તેને તેના ફ્યુચરને બહેતર બનાવવા આગળ વધવા શું કરવું છે તે માટે ચોઇસ આપો. તું કર અમે તારી સાથે છીએ. હું સમજું છું ત્યાં સુધી આપણા સમાજની સિસ્ટમમાં જ ખામી છે. આપણે ત્યાં વેતનના જે લેબર લૉઝ છે તે બ્રિટિશકાળ સમયના છે. સ્ત્રીને નોકરીમાં ઘણી જગ્યાએ મેટરનિટી લિઝના પ્રાવધાન નથી. સ્ત્રીનું દાયીત્વ ઘણું છે. તે ઘરને, તે બાળકોને સાંભળે છે, તે નોકરી કરે છે, તે પ્રમાણે કાયદા ચેન્જ કરવા પડે. લડકી પઢ લીખ કે કયા કરેગી લગ્ન જ કરવાના છે ને ઘર જ સાંભળવાનું છે ને તે માનસિક વિચારસરણી બદલવાની જરૂર છે.''



**હા, સ્ત્રીઓ ખરા અર્થમાં સશક્ત થઈ રહી છે પણ તે પ્રક્રિયા હજી ચાલી રહી છે અને હજી પૂર્ણ નથી થઈ. શિક્ષણ, આર્થિક નિર્ભરતા અને સરકારી યોજનાઓને કારણે મહિલાઓની સ્થિતિ સુધરી છે છતાં સોસાયટીમાં સ્ત્રીપુરુષ ઈકવલ થશે જેમ કે ઘરનાં કામોમાં પુરુષની જવાબદારી સ્ત્રી જેટલી થશે ત્યારે આ ઈકવાલીટી સ્ત્રી સશક્તિકરણમાં મહત્ત્વનો ભાગ ભજવશે. સ્ત્રીનું શારીરિક શોષણ, ઘરેલુ હિંસા હજી પણ સમાજમાં છે. સ્ત્રીઓનું સશક્તિકરણ ત્યારે થશે ત્યારે મહિલાઓ આર્થિક અને સામાજિક ડિસિજન લેવામાં પણ સ્વતંત્ર થઈ શકશે ત્યારે તે ખરા અર્થમાં સશક્ત ગણાશે. In a physical relationship 'When a woman says no it means no' એ પાવર જયારે તેને મળશે ત્યારે ખરા અર્થમાં સશકત ગણી શકાશે.**